# દુનિયામાં દર સૌ વર્ષે મહામારી : ઈ.સ. ૧૭૨૦,૧૮૨૦,૧૯૨૦ અને ૨૦૨૦

રોગના ફેલાવાને આધારે તેને ત્રણ ભાગમાં વહેંચી શકીએ. અંગ્રેજીમાં તેના માટે શબ્દો છે, ઇન્ડેમીક, ઇપીડેમીક અને પેન્ડેમીક. ત્રણે વચ્ચેનો તફાવત જોઈએ તો ઇન્ડેમીક એટલે એવા રોગ કે બિમારી જે સામાન્ય રીતે સદાય ચાલતાં હોય છે, જે ખૂબ જ પ્રચલિત હોય છે. એક સ્થાનિક રોગ છે. તે કોઈ ચોક્કસ ક્ષેત્રમાં મર્યાદિત હોય છે. આ બિમારી અચાનક આવે, ઝડપથી ફેલાય, થોડો સમય રહે, જેમાં મૃત્યુનું પ્રમાણ નહિવત હોય છે. આ બિમારી સામાન્ય હોવાથી દુનિયાભરના બધા દેશમાં જોવા મળે છે. જેમકે, મેલેરિયા, ડેન્ગ્યું, ચિકન ગુનિયા વગેરે.. બીજી બિમારી ઇપીડેમીક જે રોગચાળો બહુ ઝડપથી અણધાર્યો ફેલાય, ખાસ ચોક્કસ ભૌગોલિક વિસ્તાર કોઈ રાજ્ય, દેશમાં ફેલાય છે. આખી દુનિયામાં ફેલાતો નથી. જેમકે ફ્લ્યુ, બર્ડ ફ્લ્યુ . શીતળા, ઓરી, પોલિયો વગેરે. ત્રીજી બિમારી પેન્ડેમીક એક વિશાળ વિસ્તારને આવરે છે, ઘણા દેશો અને વસ્તીને અસર કરે છે. જે પૂરી દુનિયામાં ફેલાય છે, લાંબો સમય રહે છે, જે ઘાતક હોવાથી મૃત્યુનું પ્રમાણ વધુ જોવા મળે છે. જેમાં દરેક દિવસના કેસો પહેલાના દિવસ કરતા વધારે વધે છે. જેને ડબ્લ્યુએચઓ રોગચાળા તરીકે જાહેર કરે છે. જેમકે કોરોના.

ઇતિહાસના પાનાં ફેરવીશું તો જાણવા મળશે કે ભૂતકાળમાં ઘણી મહામારી આવી ગઈ. જેમાં અનેકાનેક લોકો મૃત્યુ પામ્યા છે. પણ યોગનુંયોગ એવું પણ બન્યું છે કે દર સૌ વર્ષે તેમાં પણ જે તે શતકના વીસમા વર્ષે કોઈને કોઈ ચોક્કસ મહામારી કે બિમારી આવે છે અને દુનિયાને હચમચાવી દે છે. આવું છેલ્લા ચાર શતક ૧૭૨૦,૧૮૨૦,૧૯૨૦ અને ૨૦૨૦ માં આપણને જોવા મળે છે. શું આ સંયોગ છે કે કોઈ રહસ્ય છૂપાયેલું છે ? આવું શા માટે બને છે? આ માત્ર અંધશ્રદ્ધા છે કે તેની પાછળ કોઈ કારણ છે. જો કારણ હશે તો વિજ્ઞાનીઓ શોધશે જ. દર સો વર્ષે કોઈ મહામારી આવે છે અને આપણે તેની દવા શોધીએ છીએ.

૨૫ મે ૧૭૨૦ ના રોજ ગ્રાન્ડ સેન્ટ-એંટોઈન નામનું વહાણ ફ્રાન્સના માર્સેઇલ શહેરના બંદરે પહોંચ્યું હતું. જેમાં કપાસ, રેશમ અને અન્ય માલથી ભરેલું હતું. જેમાં હાજર લોકોમાં યેરસિનીઆ પેસ્ટિસ તરીકે ઓળખાતા બેક્ટેરિયા હતા. કાર્ગોમાં આવેલ માલને વેચતી વખતે સંપર્કમાં આવેલ લોકો દ્વારા આ રોગનો ફેલાવો એકએક થયેલ. ૧૭૨૦ થી ૧૭૨૩માં ફ્રાન્સના માર્સેલીમાં પ્લેગ ફેલાયો હતો. જેને બ્યુબોનિક પ્લેગ નામ આપવામાં આવેલ. બાદમાં યુરોપમાં આ બ્યુબોનિક પ્લેગનો મોટો પ્રકોપ જોવા મળ્યો. બે વર્ષમાં પ્લેગ દક્ષિણપૂર્વ, પૂર્વી ફ્રાન્સમાં ફેલાયો , માર્સેલી શહેરના અડધા રહેવાસીઓ અને પ્રોવેન્સ શહેરની ૨૦ ટકા જેટલી વસ્તીનો ભોગ લીધો હતો. જેમાં પ્રથમ વર્ષે ૫૦.૦૦૦ અને બીજા બે વર્ષમાં ૫૦.૦૦૦ એમ કુલ એક લાખ માણસો મૃત્યુ પામ્યા હતા. જેતે સમયે વસ્તી પણ આજના પ્રમાણમાં ખૂબ ઓછી હતી. એ રીતે જોતાં ખૂબ મોટા પ્રમાણમાં લોકો મૃત્યુ પામ્યા હતા એમ કહેવાય. ત્યારબાદ આ બિમારી યુરોપથી ચીન પહોંચેલી અને ચીનથી ભારતમાં પણ આવેલી. ભારતમાં ઘણાં લોકો આ બિમારીને કારણે મૃત્યુ પામ્યા હતા.

૧૮૧૭ થી ૧૮૨૪માં પ્રથમ કોલેરા રોગચાળો ફેલાયો હતો. તે એશિયાઇક કોલેરા તરીકે પણ ઓળખાય છે. તે ની શરૂઆત ભારતમાં કલકત્તા શહેર થી થઇ હોય તેવું જાણવા મળે છે અને તે સમય દરમિયાન દક્ષિણપૂર્વ એશિયામાં મધ્ય પૂર્વ, પૂર્વી આફ્રિકા, ચીન અને ભૂમધ્ય દરિયામાં ફેલાયેલો હતો. જેમાં જાપાન, ખાડીના દેશો, ભારત, જાવા, ભૂટાન, તાઈવાન, મોરીશશ, સિરિયા વગેરે દેશોમો સમાવેશ થયેલ. કોલેરાને કારણે જાવામાં એક લાખ લોકોના મૃત્યુ થયા હતા. સૌથી વધારે મૃત્યુ થાયલેન્ડ, ફિલિપિન્સ અને ઇન્ડોનેશિયામાં થયા હતા. આ રોગચાળા દરમિયાન લાખો લોકોનાં મોત નીપજ્યાં હતા. જેમાં ઘણાં બ્રિટીશ સૈનિકો પણ હતા. જેના કારણે યુરોપમાં પણ આ રોગ પાછળથી ફેલાયો હતો. આ રોગચાળાને કારણે એશિયાના લગભગ દરેક દેશને અસર થઈ હતી.

૧૯૧૮ થી ૧૯૨૦માં સ્પેનિશ ફ્લૂ ફેલાયો. શરૂઆત ૧૯૧૮માં થયેલ, પણ તીવ્રતા ૧૯૨૦માં પ્રથમ વિશ્વયુદ્ધ થયેલ તે વર્ષે. જોવા મળેલ. તે સમયનો સૌથી ભયંકર ઈન્ફ્લ્યુએન્ઝા રોગચાળો હતો. જ્યારે ૫૦ કરોડ જેટલાં લોકો સ્પેનિશ ફ્લૂનો શિકાર બન્યા હતા. ઘણા સ્વદેશી સમુદાયો લુપ્ત થવા ના કિનારે ધકેલાઇ ગયા હતા. જે તે સમયના અંદાજ મુજબ મૃત્યુઆંક પાંચ કરોડ જેટલો મુકવામાં આવેલ. બીજો એક આંકડો એવો છે કે, પ્રથમ વિશ્વ યુદ્ધમાં માર્યા ગયેલ લોકો કરતા સ્પેનીશ ફ્લ્યુંમાં બમણાં લોકો માર્યા ગયા હતા. ભારત (આઝાદી પહેલાનું)માં જ બે કરોડ જેટલાં લોકો મૃત્યુ પામ્યા હતા. જેમાં પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને પાકિસ્તાનના પંજાબમાં જ આઠ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા.

૨૦૧૯-૨૦૨૦માં કોરોના વાયરસ દ્વારા ફેલાયેલ રોગચાળો કોવિડ - ૧૯ તરીકે આપણે ઓળખીએ છીએ. ડિસેમ્બર ૨૦૧૯માં ચીનના વુહાનમાંથી રોગચાળો ફાટી નીકળ્યો ત્યાં સુધી વાયરસ અજાણ હતો. જે રોગચાળો આજના દિવસે પણ ચાલુ જ છે. જેને દુનિયાના તમામ દેશોને પોતાના ભરડામાં લીધા છે. ૨૬ એપ્રિલ-૨૦૨૧ના રોજ દુનિયામાં મૃત્યુ પામનારની સંખ્યા ૩૧,૨૩,૬૧૧ અને સંક્રમિત કેસની સંખ્યા ૧૪,૭૮,૨૬,૧૨૪ છે. અત્યારે આ રોગચાળાનો બીજો તબક્કો ચાલી રહ્યો છે. આ બીજા તબક્કામાં અને ત્યારબાદ ત્રીજા તબક્કામાં તેની અસર કેટલી અને કેવી હશે તે તો ભવિષ્ય જ બતાવશે.

વાચકો એ વિચારે કે, અત્યારે વિજ્ઞાન ઘણું આગળ વધ્યું છે. નવી અનેક ટેકનોલોજી શોધી છે. દરેક બાબતમાં જ્ઞાન અને સુવિધાઓ ઉપલબ્ધ છે. એકબીજા દેશો એકબીજાને મદદ કરે છે. પણ આજથી ૧૦૦-૪૦૦ વર્ષ પહેલા આવું નહતું. તો વિચારો કે એ સમયે સરકાર અને લોકોની હાલત શું થઇ હશે. લોકોએ પોતાનો જીવ બચાવવા અને સરકારે પણ લોકોને બચાવવા માટે કેવા અને કેટલા પ્રયત્નો કર્યા હશે? આજના દિવસો સાથે જે તે સમયના દિવસોની સરખામણી કરીએ તો આપણું મગજ કામ નહિ કરે. આપણે કલ્પી ન શકીએ એવી યાતનાઓ લોકોએ ભોગવી હશે. જયરે આજે લગભગ બધી જ સુવિધાઓ વચ્ચે, ટેકનોલોજી અને વૈજ્ઞાનિક જ્ઞાન સાથે આપણે જીવી રહ્યા છીએ. છતાં કેટલીક યાતનાઓ મુશ્કેલીઓ આપણે ભોગવી રહ્યા છીએ. જે માટે આપણા વર્તનવ્યવહારને પણ જવાબદાર છે. સૌ સાથે મળી એક જ લક્ષ્ય સાથે કામ કરીએ અને વર્તન કરીએ તો કોરોના જેવા રોગચાળાને આપણે સરળતાથી દૂર શકીએ. કોરોનાને કારણે કેટલાક ડોક્ટર્સ દિલ દઈને રાત દિવસ એક કરીને પૈસા નહિ પણ સેવાને ધ્યાનમાં રાખીને કામ કરે છે, એવા ડોક્ટર્સને સૌ સૌ સલામ. આવા જ અમદાવાદના એક યુવાન ડો.વરુણ પટેલ સાથેની ચર્ચામાં એમણે વાત કરી કે, સાહેબ, અત્યારે તો કોરોનાના અમારા દર્દી સિવાય કશું જ દેખાતું નથી. સાહેબ, ખાવાનું કે ઘરના સભ્યો કશું જ યાદ આવતું નથી. એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ. અત્યારે રાત્રીના પોણાબાર થયા છે. જમવા ઘેર આવ્યો છું. હજુ એક હોસ્પિટલમાં જવાનું છે. ત્યારે આ લેખકે પૂછ્યું કે, પૈસા સારા એવા મળતા હશે. ત્યારે તે યુવાન ડોકટરનો જવાબ સાંભળીને મજા આવી ગઈ. તેમનો જવાબ હતો કે, સાહેબ, પૈસા મળે છે એના કરતાં શીખવા વધુ મળે છે, કામ કે સેવા કરવાની દુ:ખ સાથે મજા આવે છે. બીજી બાજુ એવા ડોક્ટર્સ અને હોસ્પિટલ માટે સાંભળવા મળ્યું કે જેઓ કોરોનાની આ મહામારીને પૈસા કમાવાની તક માનીને દર્દીઓની મજબૂરીનો લાભ લઈને લૂંટવા માંડ્યા છે. આવી હોસ્પિટલ અને ડોક્ટર્સને ભગવાન ક્યારેય માફ નહિ કરે. ભવિષ્યમાં એ લોકોની હાલત એવી થશે કે તેમને આજે કરેલા કરતૂતો યાદ આવશે, પસ્તાવો થશે, પણ અંતે તેમને વ્યાજ સાથે સહન કરીને ભોગવવું પડશે જ.

**અશોકી : એવું જાણવા મળ્યું કે, કેટલીક સારી હોસ્પિટલમાં રેમડેસીવીર ઇન્જેકશનનો ઉપયોગ માત્ર ૨૦ ટકા જ થાય છે. જયારે કેટલીક લુચ્ચી હોસ્પિટલના લફંગાબાજ ડોક્ટર્સ આ ઇન્જેક્શન સરકાર પાસેથી મેળવીને દર્દીઓને કે બજારમાં ઊંચા ભાવે વેચે છે. કોઈ ગેંગ સક્રિય છે.**